Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ પોષ સુદ દશમ, ગુરુવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૫૬

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

### ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર વર્તાવાની શરૂ, રાજ્યભરમાં તુરંત ઠંડીથી રાહતની શક્યતા નહીંવત

# ગુજરાતમાં કાતિલ ઠંડી, નલિયા 3, રાજકોટ 7 ડિગ્રીમાં ઠુંઠવાયા

**અન્ય** ચાર શહેરોમાં પણ પારો સિંગલ ડિજિટમાં 9 ડિગ્રી આસપાસ પહોંચતાં લોકો થથરી ઉઠ્યાં

**સૌરાષ્ટ્ર,** કચ્છથી લઇને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં કાતિલ ઠંડીએ લોકોને ધ્રુજાવ્યા

**દ. ગુજરાતમાં** વડોદરામાં 11, ભરૂચમાં 12, નવસારીમાં 12.5, સુરતમાં 15, વલસાડ 15.3 ડિગ્રી તાપમાન નોંધાયુ

**ગાંધીનગર:** ગુજરાતમાં આજે કાતિલ ઠંડી શરૂ થઈ છે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં અચાનક 3 ડિગ્રી સુધી ઠંડીનો પારો નીચે ગગડી ગયો હતો. નલિયામાં આજે 3 ડિગ્રી ઠંડી નોંધાવા પામી છે. બીજી તરફ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કોલ્ડ વેવની અસર જોવા મળી હતી. રાજ્યના ચાર શહેરોમાં ઠંડીનો પારો 9 ડિગ્રીએ પહોંચી ગયો હતો, જેમાં ડીસા, ગાંધીનગર, ભૂજ અને કેશોદનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાત પણ કાતિલ ઠંડીની ચપેટમાં આવી ગયું છે. ખાસ કરીને રાજ્યમાં વિવિધ ભાગોમાં કોલ્ડ વેવની અસર જોવા મળી છે. ગાંધીનગરમાં આજે સવારથી સાંજ સુધી શહેરીજનોએ કાતિલ ઠંડીનો અનુભવ કર્યો હતો. આજે અમદાવાદ તથા ગાંધીનગરમાં ઠંડીએ જોર પકડયું હતું. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા થઈ રહી છે. ઉત્તર પૂર્વથી ઠંડા પવનો ફૂંકાવાના કારણે ગુજરાત સહિત મેદાની રાજ્યોમાં શીત લહેર પ્રસરી છે. જેના પગલે સમગ્ર ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. હાડ થીજવતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. સૌરાષ્ટ્ર-કચ્છથી લઈને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત કાતિલ ઠંડીમાં ઠૂંઠવાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમદાવાદમાં 12 ડિ.સે., ડીસામાં 9 ડિ.સે., ગાંધીનગરમાં 9 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં ડિ.સે., વડોદરામાં 11 ડિ.સે., સુરતમાં 15 ડિ.સે., ભૂજમાં 9 ડિ.સે., નલિયામાં 3 ડિ.સે., કંડલા પોર્ટ પર 12 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 8 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 13 ડિ.સે., રાજકોટમાં 7 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 10 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે. અને કેશોદમાં 9 ડિ.સે. લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## કાશ્મીર સહિત ઉત્તરભારતમાં ઠંડી વધી, હિમાચલમાં **યલો એલર્ટ**

**આઇએમડી દ્વારા હિમાચલ પ્રદેશના પાંચ જિલ્લામાં કોલ્ડ વેવ અને ગાઢ ધુમ્મસનું એલર્ટ અપાયું**

**પંજાબ,** હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહારમાં પણ આકરી ઠંડીથી કોઇ રાહત નથી, ઘણી જગ્યાએ ગાઢ ધુમ્મસ છવાયું

**શ્રીનગર/શિમલા/ચંદીગઢ, તા. 08 :** અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી હતી કે કાશ્મીર ખીણમાં થોડી રાહત બાદ ઠંડી વધી છે અને રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે ગયું છે. હવામાન વિભાગે કહ્યું હતું કે સ્વચ્છ આકાશને કારણે ખીણમાં રાત્રિનું તાપમાન ઠાર બિંદુથી નીચે ગયું છે. આ તરફ હિમાચલ પ્રદેશના શિમલા હવામાન કેન્દ્રે બુધવારે રાજ્યના 12માંથી પાંચ જિલ્લા, ઉના, બિલાસપુર, હમીરપુર, કાંગડા અને મંડીમાં વિવિધ સ્થળોએ શીત લહેર, હિમવર્ષા અને ગાઢ ધુમ્મસનું યલો એલર્ટ જારી કર્યું છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ એક ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આગલી રાતે 0.9 ડિગ્રી સેલ્સિયસ હતું. શહેરમાં સવારે ચમકતો તડકો જોવા મળ્યો હતો. ઉત્તર કાશ્મીરમાં સ્કીઈંગ પ્રવૃત્તિઓ માટે પ્રખ્યાત પર્યટન સ્થળ ગુલમર્ગ ખીણ સૌથી ઠંડુ સ્થળ હતું, જ્યાં લઘુતમ તાપમાન માઈનસ 9.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગુલમર્ગમાં ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન માઈનસ 6.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટેના બેઝ કેમ્પ પૈકીના એક પહેલગામમાં લઘુત્તમ તાપમાન

...અનુસંધાન પાના 5 પર

## સિવિલ લાઇન્સ પર કેજરીવાલના બંગલાની બહાર આપ નેતાઓનું પોલીસ સાથે ઘર્ષણ

**સંજય** સિંહ અને સૌરભ ભારદ્વાજે બંગલા બહાર ધરણા કર્યા, ભાજપ દ્વારા તેમની ટીકા કરાઇ

**નવી દિલ્હી, તા. 8 (PTI)** દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના 6, ફ્લેગસ્ટાફ રોડ સ્થિત બંગલાની બહાર બુધવારે એક નાટક ભજવાયું હતું, જ્યારે આપ નેતાઓએ તેમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેમને અટકાવ્યા હતા. ત્યાર બાદ પાર્ટીના કાર્યકરોએ લોક કલ્યાણ માર્ગ પરના વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસ દ્વારા તેમને ફરીથી અટકાવવામાં આવ્યા, જેના પગલે તેઓએ ધરણાં કર્યાં હતાં.

આ તરફ ભાજપ મીડિયાને એબી 17 મથુરા રોડ પર

...અનુસંધાન પાના 5 પર

## તિરુપતિ મંદિરમાં ટિકીટ માટેની લાઇનમાં ધમાચકડી , છના મોત

**વૈકુંઠ** દ્વાર દર્શન માટેની ટિકીટ બુકિંગ કાઉન્ટર પર ટોકન માટે ચાર હજાર લોકો લાઇનમાં હતા

**શ્રદ્ધાળુઓને** બૈરાગી પાટીડા પાર્કમાં લાઇનમાં ઊભા રહેવા કહેવાયું ત્યારે નાસભાગ મચતા 150થી વધુ ઘાયલ

**તિરુપતિ (આંધ્રપ્રદેશ), તા. 08 (PTI) :** તિરુમાલા પહાડી પર ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિરમાં વૈકુંઠ દ્વાર દર્શનમની ટિકિટ માટે એકત્ર થયેલા સેંકડો લોકો વચ્ચે મચેલી ધમાચકડીમાં ત્રણ મહિલાઓ સહિત છ ભક્તોના મોત થયા હતા અને 150થી વધુ લોકો ઘાયલ થયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. કેટલાક ઘાયલની સ્થિતિ ગંભીર હોવાથી મરણાંક વધવાની સંભાવના છે.

10 જાન્યુઆરીથી શરૂ થતા 10 દિવસીય વૈકુંઠ દ્વાર દર્શન માટે દેશભરમાંથી સેંકડો ભક્તો ઉમટી પડ્યા હતા. અધિકારીએ પીટીઆઈને પુષ્ટિ આપી હતી કે, નાસભાગમાં ત્રણ મહિલાઓ અને એક પુરૂષના મોત થયા હતા. દરમિયાન, પોલીસ બે મહિલા શ્રદ્ધાળુઓ અને ઘાયલ લોકોને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઇ ગઇ હતી. તેમના પર સીપીઆરનું સંચાલન થતું હોવાના વીડિયો

...અનુસંધાન પાના 5 પર

## ઈસરોએ આજનો મહત્ત્વાકાંક્ષી સ્પેસ ડોકિંગ પ્રયોગ ફરી મુલતવી રાખ્યો

**ઉપગ્રહો** વચ્ચે 225 મીટર સુધી પહોંચવા માટેના પ્રયોગ વખતે વધુ પડતા ડ્રિફ્ટ જણાતા તેને મુલતવી રખાયુ

**બેંગલુરુ, તા. 8 (PTI) :** ઈસરો 9 જાન્યુઆરીએ ભ્રમણકક્ષામાં બે ઉપગ્રહોનો ઉપયોગ કરીને તેનો મહત્ત્વાકાંક્ષી અવકાશ ડોકિંગ પ્રયોગને ફરી એકવાર મુલતવી રાખ્યો છે. આ કાર્યક્રમ 7 જાન્યુઆરીએ નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ ગુરુવારની સવાર સુધી મુલતવી રાખવામાં આવ્યો હતો અને હવે ફરી તેને વધુ પડતા ડ્રિફ્ટનો હવાલો આપીને મુલતવી રખાયુ છે. ઈસરોએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે ઉપગ્રહો વચ્ચે 225 મીટર સુધી પહોંચવા માટેના પ્રયોગ કરતી વખતે દૃશ્યતા સમયગાળા પછી ડ્રિફ્ટ અપેક્ષા કરતાં વધુ જણાયું હતું. તેથી આવતીકાલનું ડોકિંગ સ્થગિત કરી દેવાયું છે. ઈસરોએ 30 ડિસેમ્બરે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી પીએસએલવી સી60 રોકેટની મદદથી મિશનના ભાગ રૂપે બે ઉપગ્રહો - એસડીએક્સ01 (ચેઝર) અને એસડીએક્સ02 (ટાર્ગેટ) - લોન્ચ કર્યા હતા. આશરે 220 કિગ્રા વજનના બે નાના અવકાશયાનને હેતુ મુજબ 475-કિમીની ગોળાકાર

...અનુસંધાન પાના 5 પર

### પ્રસિદ્ધ પત્રકાર પ્રિતેશ નંદીનું હાર્ટ એટેકથી અવસાન

**મુંબઇ.** પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને પત્રકાર પ્રિતેશ નંદીનું બુધવારે 73 વર્ષની વયે હાર્ટ એટેકથી અવસાન થયું. અનુપમ ખેરે X પર પોસ્ટ કરીને તેમના નિધનની માહિતી આપી હતી. તેઓ રાજ્યસભાના સાંસદ પણ રહી ચૂક્યા છે. તેણે ચમેલી, સુર અને હજારો ખ્વાશીં ઐસી જેવી ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.

### ટ્રાન્સફોર્મરની ચોરી થતાં યુપીનું આ ગામ 25 દિવસથી વીજળી વગર

**બુદૌન (UP), તા. 8 (PTI):** ઉઘાઈટી વિસ્તારના સોરાહા ગામના લોકો 250 કેવીએ પાવર ટ્રાન્સફોર્મરની ચોરીને કારણે લગભગ એક મહિનાથી વીજળી વિના જીવી રહ્યા છે. સ્થાનિકો અને અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચોરોએ ટ્રાન્સફોર્મર તોડી નાખ્યું, તેનું

...અનુસંધાન પાના 5 પર

તા. ૦૮-૦૧-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૮.૦° સે. | ૧૭.૦° સે. | ૫૧% |

## સાબરકાંઠામાં 8 વર્ષના બાળકમાં HMPV વાયરસના લક્ષણ

**સાબરકાંઠા** હિમતનગરના બાળકને સારવાર માટે અમદાવાદ ખસેડાયો, સેમ્પલ ગાંધીનગર મોકલાયા

**ગુજરાતમાં** પહેલા કેસ તરીકે નોંધાયેલા બે માસના બાળકની સ્થિતિ સલામત હોવાનો તબીબોનો દાવો

**ગાંધીનગર:** ચીનમાંથી ઉદભવેલા એક નવા વાયરસથી સમગ્ર દુનિયામાં ફરી હાહાકાર મચ્યો છે. અમદાવાદમાં ચાંદખેડામાં સારવાર લઈ રહેલા બે મહિનાના નાના બાળકને HMPV વાયરસની અસર થતાં તેની સઘન સારવાર કરાઈ હતી. જો કે બાળક હવે સલામત હોવાનો તબીબી સૂત્રોએ દાવો કર્યો છે, ત્યાં આજે સાબરકાંઠાના જિલ્લાના હિંમતનગરમાં આઠ વર્ષીય બાળકમાં HMPV જેવા લક્ષણો જોવા મળ્યા છે. હિંમતનગરની બેબી કેર હોસ્પિટલમાં બાળકની સારવાર ચાલી રહી હતી, જેને હવે અમદાવાદ ખસેડવામાં આવ્યું છે. બાળકના સેમ્પલ પણ ગાંધીનગર મોકલવામાં આવ્યા છે. એચએમપીવીનો શંકાસ્પદ કેસ સામે આવતા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. હિંમતનગરની બેબી કેર હોસ્પિટલમાં એક દાખલ એક બાળકમાં એચએમપી વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે.

...અનુસંધાન પાના 5 પર

### માલદીવનો આઠ મહિના બાદ ભારત સાથે સંરક્ષણ સંબંધોને ફરી જોડવાનો પ્રયાસ

**નવી દિલ્હી: તા. 8 :** આઠ મહિના પહેલા નવી દિલ્હીએ માલદીવમાંથી પોતાના સૈન્ય કર્મચારીઓને પરત બોલાવવા પડ્યા હતા, જેના કારણે દક્ષિણ એશિયાના પડોશીઓ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. ત્યાર બાદ માલદીવના સંરક્ષણ પ્રધાનની નવી દિલ્હીની મુલાકાતનો હેતુ સંરક્ષણ સહકાર ફરી

...અનુસંધાન પાના 5 પર

## વન નેશન વન ઈલેક્શન : સંસદીય પેનલમાં વિરોધાભાષી મંતવ્યો વ્યક્ત થયા

**વિપક્ષી** સાંસદોએ એકસાથે ચૂંટણી કરાવવા સંબંધી બિલને બંધારણ વિરુદ્ધ ગણાવ્યું, ભાજપના સભ્યોએ તેને સમર્થન આપ્યું

**નવી દિલ્હી, તા. 8 (PTI):** બુધવારે એકસાથે ચૂંટણી યોજવા અંગેના બે ખરડાઓની ચકાસણી કરી રહેલી સંસદીય પેનલની પ્રથમ બેઠકમાં વિરોધાભાસી મંતવ્યોનું વિનિમય થયું હતું, જેમાં વિપક્ષી સભ્યોએ આ ખ્યાલની ટીકા કરતાં એને બંધારણ અને સંઘવાદના મૂળભૂત માળખા પરનો હુમલો ગણાવ્યો હતો અને ભાજપના સાંસદોએ તેને લોકપ્રિય દૃષ્ટિકોણનું પ્રતિબિંબ ગણાવ્યું હતું.

39 સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિની બેઠકમાં હાજર રહેલા સાંસદોએ તેમના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા બિલની જોગવાઈઓ અને તેમને માર્ગદર્શન આપતા તર્ક અંગેની રજૂઆત બાદ પ્રશ્નો પૂછ્યા હતા. કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક વિપક્ષી સાંસદોએ એ દાવા પર સવાલ ઉઠાવ્યા હતા કે એકસાથે ચૂંટણીથી ખર્ચમાં ઘટાડો થશે. તેઓએ પૂછ્યું કે, શું 2004ની લોકસભા ચૂંટણી પછી કોઈ અંદાજ લગાવવામાં આવ્યો હતો જ્યારે તમામ 543 બેઠકો પર પ્રથમ વખત

...અનુસંધાન પાના 5 પર

## કેનેડાને 51મું સ્ટેટ બનાવવા તેની સામે 'આર્થિક બળ'નો ઉપયોગ કરીશું : ડોનાલ્ડ ટ્રમ્પ

**મીડિયાએ** પુછ્યું કે શું તમે કેનેડાને વશમાં કરવા લશ્કરી બળનો ઉપયોગ કરશો ત્યારે ટ્રમ્પે આવો જવાબ આપ્યો

**વડાપ્રધાન** પદેથી રાજીનામુ આપનારા ટ્રુડોએ કહ્યું કેનેડા યુએસનો ભાગ બને તેવી કોઇ સંભાવના નથી

**વોશિંગ્ટન, તા. 08 :** અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે તેઓ કેનેડાને અમેરિકાનો ભાગ બનાવવા માટે 'આર્થિક બળ'નો ઉપયોગ કરશે. ટ્રમ્પની આ ટિપ્પણી પર કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ તીખી પ્રતિક્રિયા આપી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી, ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ કેનેડાને યુનાઇટેડ સ્ટેટ્સ અને તેનું 51મું રાજ્ય બનાવવા માંગે છે. ઘણી વખત તેમણે ટ્રુડોની મજાક ઉડાવી છે અને તેમને કેનેડાના ગવર્નર કહ્યા છે. જ્યારે ફ્લોરિડામાં માર-એ-લાગો (ટ્રમ્પનો ખાનગી રિસોર્ટ અને ક્લબ) ખાતે પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે શું તેઓ કેનેડાને વશ કરવા અને તેના પર કબજો કરવા માટે લશ્કરી બળનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યા છે, ત્યારે ટ્રમ્પે કહ્યું, હતું કે ના. હું આર્થિક બળનો ઉપયોગ કરીશ કારણ કે તે કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સ માટે ખરેખર એક મોટો સોદો હશે. તમે તે કૃત્રિમ રીતે દોરેલી રેખાથી છુટકારો મેળવી શકો છો અને તમે જોઈ શકો છો કે તે કેવી દેખાય છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ આ ઘણું સારું રહેશે. ભૂલશો નહીં, અમે મૂળભૂત રીતે કેનેડાનો બચાવ કરીએ છીએ. એક દિવસ પહેલા જ કેનેડાના વડાપ્રધાન પદ

...અનુસંધાન પાના 5 પર